بسم الله الرحمن الرحيم

## કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

# મઆરિફુલ કુર્આન

## ગુજરાતી

**મૂળ લેખક**

હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

**અનુવાદક**

ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)

**પ્રકાશક**

હઝરત મવલાના ઈસ્માઈલ વલી ભૂતા સા. (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ

જામિઅતુલ બનાત ટંકારીઆ

મુ.પો. ટંકારીઆ,

તા. જિ. ભરૂચ (ગુજરાત)





www.maarifulqurangujarati.com

કાનૂની ચેતવણી: ● આ તફસીરનો હેતુ ફી–સબિલિલ્લાહ પ્રચાર પ્રસારનો છે, જેથી કોઈપણ વ્યક્તિએ પ્રસ્તુત વેબસાઈટના કોઈપણ સાહિત્યનો અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ વેપારી ધોરણે કરવાની અથવા કિતાબ સ્વરૂપે છપાવવાની સખત મનાઈ છે. માત્ર ઓનલાઈન શેરીંગ કોઈપણ પ્રકારના એડીટીંગ સિવાય કરી શકાય છે.

● પ્રકાશક પાસે આ તફસીરના પિન્ટેડ કોપીના સર્વ હક્ક કોપી રાઇટેડ હોવાના કારણે મઆરિફુલ કુર્આન ગુજરાતીમાંથી પ્રકાશક અને અનુવાદકનો પ્રિન્ટેડ કોપીનો પેજ નંબર, ભાગ નંબરનો હવાલો આપી કોઈ ફકરો કે વાક્ય કોઈ કિતાબ અથવા લેખમાં કોઈપણ જાતના એડીટીંગ વિના લખી / છાપી શકાય છે.

● આ બાબતોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવાની સખત ચેતવણી આપવામાં આવે છે.

નોંધ : મઆરિફુલ કુર્આન ગુજરાતીના ૧૧ ભાગોની હાર્ડ પ્રિન્ટેડ કોપી મેળવવા માટે પ્રકાશક હઝરત મવલાના ઇસ્માઈલ ભૂતા સાહબનો સંપર્ક કરવા વિનંતી છે.

Designed and Typesetting By: **Safwan Patel Khanpuri**

પ્રકરણ (૯૯)

# સૂરએ ઝિલઝાલ

સૂરએ ઝિલઝાલ મદીનામાં નાઝિલ થઈ તેની આઠ આયતો છે.

## આયતો : (સૂરએ ઝિલઝાલ : આયત નં. ૧ થી ૮)

ركوعها ١ ﴿٩٩ سورة الزلزال مدنية ٩٣﴾ اٰياتها ٨

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا زُلْزِلَتِ الْاَرْضُ زِلْزَالَهَا ﴿١﴾ وَاَخْرَجَتِ الْاَرْضُ اَثْقَالَهَا ﴿٢﴾ وَقَالَ الْاِنْسَانُ
مَا لَهَا ﴿٣﴾ يَوْمَئِذٍ تُحَدِّثُ اَخْبَارَهَا ﴿٤﴾ بِاَنَّ رَبَّكَ اَوْحٰى لَهَا ﴿٥﴾ يَوْمَئِذٍ يَّصْدُرُ
النَّاسُ اَشْتَاتًا لِّيُرَوْا اَعْمَالَهُمْ ﴿٦﴾ فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ ﴿٧﴾ وَمَنْ
يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ ﴿٨﴾

## તરજુમો / તફસીર :

*અલ્લાહના નામથી શરૂ કરૂં છું જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.*

*જ્યારે પૃથ્વીને તેના સખત આંચકાથી હલાવી નાખવામાં આવશે (૧) અને પૃથ્વી પોતાના અંદરના બોજા બહાર કાઢી નાખશે (૨) અને (આ સ્થિતિ જોઈ) માનવી કહેશે કે એને શું થઈ ગયું છે ? (૩) તે દિવસે પૃથ્વી પોતાના સર્વે (સારા–નરસા) સમાચાર વર્ણન કરવા લાગશે, (૪) કારણ કે આપના પરવરદિગારનો તેને એ જ હુકમ હશે. (૫) તે દિવસે લોકો જુદાં જુદાં ટોળાં થઈ જશે કે જેથી તેમને તેમની કરણી(નો બદલો) દેખાડવામાં આવે. (૬) તો જે કોઈ (દુનિયામાં) જરા સરખી ભલાઈ કરશે તેને તે (પ્રત્યક્ષ) જોઈ લેશે (૭) અને જે કોઈ જરા સરખી બુરાઈ કરશે તેને પણ તે જોઈ લેશે. (૮)*

## વિસ્તૃત વિવરણ :

اِذَا زُلْزِلَتِ الْاَرْضُ زِلْزَالَهَا એમાં મતભેદ છે કે આ આયતમાં જે ધરતીકંપનું વર્ણન છે શું તે ધરતીકંપ એ છે જે નફ્ખએ ઊલા એટલે કે પ્રથમ વખતના સૂર ફૂંકવાથી પહેલાં દુનિયામાં થશે જેમકે કયામતની નિશાનીઓમાં આ ધરતીકંપનું વર્ણન આવ્યું છે અથવા આ ધરતીકંપથી ભાવાર્થ નફ્ખએ ષાનિયાહ એટલે કે બીજા વખતના સૂર ફૂંકાયા પછી મુરદા જીવીત થઈને જમીનમાંથી ઊઠશે તે વખતનો ધરતીકંપ છે ? રિવાયતો અને તફસીરકારોના નિવેદનો વિવિધ પ્રકારના છે અને એમાં પણ કોઈ અસંભવિત વાત નથી કે આ ધરતીકંપ પણ અનેક હોય. એક નફ્ખએ ઊલાથી પહેલાં હોય, બીજો નફ્ખએ ષાનિયાહ પછી મુરદાઓના જીવીત થવાના સમયે હોય અને આ સ્થળે એ જ બીજો ધરતીકંપ ભાવાર્થ સ્વરૂપે છે અને આ સૂરતમાં કયામતના જે હિસાબ કિતાબના અહેવાલનું વર્ણન છે તે એ જ વાતની નિશાની છે કે આ ઝલઝલો અથવા ધરતીકંપ નફ્ખએ ષાનિયાહ પછીનો છે. વલ્લાહુ અઅ્લમુ. *(મઝહરી)*

وَاَخْرَجَتِ الْاَرْضُ اَثْقَالَهَا રસૂલે કરીમ ﷺ એ આ ધરતીકંપ વિશે કહ્યું કે જમીન પોતાના જિગરના ટૂકડે ટૂકડા સોનાની મોટી શીલાઓના સ્વરૂપમાં ઓકી નાંખશે તે વખતે એક વ્યક્તિ જેણે માલ માટે કોઈની હત્યા કરી હતી તે જોઈને કહેશે કે આ તે વસ્તુ છે જેના માટે મેં આટલો મોટો અપરાધ કર્યો હતો. જે વ્યક્તિએ પોતાના સગાં વહાલાંઓ સાથે માલના કારણે સંબંધ કાપી નાંખ્યો હતો તે કહેશે કે આ તે વસ્તુ છે જેના માટે મેં આવી હરકત કરી હતી, ચોર કે જેનો હાથ ચોરીની સજામાં કાપવામાં આવ્યો હતો તે તેને જોઈને કહેશે કે આના માટે મેં મારો હાથ ગુમાવ્યો હતો, પછી કોઈપણ તે સોના તરફ ધ્યાન આપશે નહીં.

*(રવાહુ મુસ્લિમ અબૂ હુરયરહ રદિ. દ્વારા)*

فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ આ આયતમાં ભલાઈથી ભાવાર્થ તે ભલાઈ છે જે શરઈ રીતે ભરોસાપાત્ર છે એટલે કે જે ઈમાનની સાથે હોય, ઈમાન વિનાની ભલાઈ અલ્લાહ તઆલા નજીક કોઈ નેક અમલ નથી એટલે કે આખિરતમાં આવા નેક અમલ કે જે કુફ્રની હાલતમાં કર્યા છે કોઈ આધારભૂત બાબત હશે નહીં, જો કે દુનિયામાં તેને તેનો બદલો આપી દેવામાં આવે તે બીજી વાત છે તેથી આ આયતમાં એના ઉપર દલીલ કરવામાં આવી છે કે જે વ્યક્તિના

દિલમાં એક રજકણ બરાબર પણ ઈમાન હશે તો અંતે તે જહન્નમમાંથી કાઢી લેવામાં આવશે, કારણ કે આ આયતના વાયદા પ્રમાણે તેને પોતાની નેકીનું ફળ પણ આખિરતમાં અવશ્ય મળવાનું છે અને કોઈપણ નેકી ન હોય તો પોતે ઈમાન એક ઘણી મોટી નેકી છે તેથી કોઈ મો'મિન ગમે એટલો ગુનેહગાર હોય હંમેશા જહન્નમમાં રહેશે નહીં, અલબત્ત કાફિરે જો દુનિયામાં કોઈ નેક અમલ પણ કર્યા તો અમલની શરત એટલે કે ઈમાન ન હોવાના કારણે તે રદબાતલ છે તેથી આખિરતમાં તેની કોઈ ભલાઈ એ ભલાઈ જ નથી.

وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ આનાથી ભાવાર્થ તે બુરાઈ છે જેનાથી પોતાની જિંદગીમાં તેણે તવબહ ન કરી લીધી હોય, કારણ કે તવબહથી ગુનાહોનું મા'ફ થવું કુર્આન અને સુન્નતમાં નિશ્ચિતપણે સાબિત થયેલ છે. અલબત્ત જે ગુનાહથી તવબહ ન કરી હોય તે નાની હોય અથવા મોટી આખિરતમાં તેનું પરિણામ અવશ્ય સામે આવશે તેથી રસૂલે કરીમ ﷺએ હઝરત આયશા સિદીકા (રદિ.)ને સંબોધન કરીને કહ્યું કે જુઓ એવા ગુનાહોથી બચવાની સંપૂર્ણ કાળજી રાખો જેને નાનું અથવા ઓછું સમજવામાં આવે છે, કારણ કે અલ્લાહ તઆલા તરફથી તેના ઉપર પણ પકડ થવાની છે. *(રવાહુ નસાઈ, ઈબ્ને માજહ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ કહ્યું કે આ આયત કુર્આનની સૌથી વધારે મજબૂત અને ઠોસ આયત છે તથા હઝરત અનસ (રદિ.)ની એક લાંબી હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ આ આયતને اَلْفَاذَّةُ الْجَامِعَةُ કહી છે, એટલે કે આગવી એકમાત્ર અને મજબૂત.

હઝરત અનસ અને ઈબ્ને અબ્બાસ (રદિ.)ની હદીષ છે કે રસૂલે કરીમ ﷺએ સૂરએ ઈઝા ઝુલ્ઝિલત્‌ને અડધું કુર્આન અને કુલ હુવલ્લાહુ અહદને ત્રીજા ભાગનું કુર્આન અને કુલ યા અય્યહુલ કાફિરૂનને ચોથા ભાગનું કુર્આન કહ્યું છે.

*(તિરમિઝી, બગવી, મઝહરી)*

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ ઝિલઝાલ પૂર્ણ થઈ.

❑❑❑❑❑❑❑❑❑❑❑

**તારીખ :** ૦૧ માર્ચ ૨૦૧૫ મુતાબિક ૦૯ જમાદિઊલ અવ્વલ ૧૪૩૬ હિજરી

**ગુજરાતી અનુવાદક :** ઈલ્યાસ પટેલ ખાનપુરી